DO-001-001266 Seat No. ________

# B. A. (Sem. II) (CBCS) Examination

**April / May – 2015**

## Gujarati : Paper - IV

*(Elective - I) (પરિચ્છેદનો અર્થવિસ્તાર)*

**Faculty Code : 001**
**Subject Code : 001266**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : 70

સૂચના : (૧) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે, પ્રશ્ન એકમાં MCQ પ્રકારના વીસ પ્રશ્નો છે.
(૨) એક MCQનો એક ગુણ, કુલ વીસ ગુણ છે.
(૩) MCQ પ્રકારના પ્રશ્નોના ઉત્તર પણ ઉત્તરવહીમાં જ આપવાના રહેશે.

**પ્રશ્ન-૧.નીચે આપેલ વીસ બહુવિકલ્પ પ્રશ્નોના સાચા વિકલ્પ જણાવો.** (૨૦)

**૧. ગદ્યખંડનું વિવરણ કરતી વખતે પ્રથમ આવશ્યકતા શેની છે ?**
(અ) લેખકનું વક્તવ્ય-વિચાર સમજવાની (બ) લેખકનું જીવનજાણવાની
(ક) લેખકની ભાષા સમજવાની (ડ) લેખકની શૈલી સમજવાની

**૨. ગદ્યખંડનું વિવરણ કરતી વખતે આપણો અંગત મત દર્શાવવાનો હોય છે ?**
(અ) આપણોઅંગત મત દર્શાવવાનો હોય (બ) આપણો અંગત મત દર્શાવવાનો ન હોય
(ક) આપણો અંગત મત દર્શાવવાનો હોય અને ના હોય (ડ) આમાંથી એકય નહીં

**૩. ગદ્યખંડના વિવરણમાં દાખલા-દલીલો કેવાં હોવાં જોઈએ?**
(અ) મૂળ વિચારની પુષ્ટિ કરતા (બ) મૂળ વિચારનું ખંડન કરતા
(ક) મૂળ વિચારથી વિપરિત (ડ) આમાંથી એકેય નહીં

**૪. સંક્ષેપીકરણ એટલે શું ?**
(અ) મૂળ લખાણનો સંક્ષેપ (બ) મૂળ લખાણનું વિવરણ
(ક) મૂળ લખાણનું વિસ્તરણ (ડ) મૂળ લખાણનું વિવરણ-વિસ્તરણ

**૫. સમગ્ર સંક્ષેપલેખન કેવું લાગવું જોઈએ ?**
(અ) અખંડ (બ) ખંડ
(ક) વિભક્ત (ડ) છૂટકછૂટક

**૬. મૂળ ગદ્યખંડના કેટલામાં ભાગ જેટલું સંક્ષેપીકરણ થવું જોઈએ ?**
(અ) ½ (એકદ્વિતીયાંશ)ભાગ (બ) ⅓ (એકતૃતીયાંશ)ભાગ
(ક) ¼ (એક ચતુર્થાંશ)ભાગ (ડ) ¾ (ત્રણ ચતુર્થાંશ)ભાગ

૭. ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરતી વખતે સૌ પ્રથમ કઈ બાબત સમજવી જોઈએ ?

(અ) ગદ્યખંડનો ભાવાર્થ (બ) ગદ્યખંડની ભાષા

(ક) ગદ્યખંડની શૈલી (ડ) ગદ્યખંડની રીત

૮. વાક્યમાં વિરામ ચિહ્નો કઈ રીતે મૂકવામાં આવે છે ?

(અ) વાક્ય અનુસાર (બ) ભાષા અનુસાર

(ક) અર્થ અનુસાર (ડ) શબ્દ અનુસાર

૯. ગુરુ કે મહાવિરામની નિશાની કઈ છે ?

(અ) . (બ) :

(ક) ! (ડ) ?

૧૦. અર્ધવિરામની નિશાની કઈ છે ?

(અ) ; (બ) ?

(ક) ! (ડ) ,

૧૧. પ્રશ્નાર્થનું ચિહ્ન કયું છે ?

(અ) ! (બ) ?

(ક) - (ડ) ।

૧૨. સામાસિક શબ્દોને છૂટા પાડવા વચ્ચે રેખા મુકાય તેને કયા નામે ઓળખવામાં આવે છે ?

(અ) અવતરણ રેખા (બ) વિગ્રહરેખા

(ક) આડી રેખા (ડ) વિરામ રેખા

૧૩. નીચેનામાંથી કયા વિકલ્પમાં લોપચિહ્ન વપરાયું છે ?

(અ) '૧૫ (બ) 'માનવીની ભવાઈ'

(ક) "ગુજરાતનો નાથ" (ડ) રાધા-કૃષ્ણ

૧૪. નીચેમાંથી અન્યપદપ્રધાન સમાસ કયો છે ?

(અ) ઉપપદ (બ) તત્પુરુષ

(ક) દ્વન્દ્વ (ડ) કર્મધારય

૧૫. 'કાસળ કાઢવું' - રૂઢિપ્રયોગનો અર્થ શું થાય છે ?

(અ) કાજળ કાઢવું (બ) નાશ કરવું

(ક) સર્જન કરવું (ડ) બચાવ કરવો

**૧૬. 'કોણીએ ગોળ લગાડવો '-રૂઢિપ્રયોગનો અર્થ શું થાય છે ?**

(અ) કોણી પર ગોળ લગાડવો
(બ) ગોળને કોણીએ ચોટાડવો
(ક) છેતરામણી લાલચ આપવી
(ડ) કોણીને ગોળ લગાવી ગળી કરવી

**૧૭. 'ખાડામાં ઉતારવું' - રૂઢિપ્રયોગનો અર્થ શું થાય છે ?**

(અ) ખાડામાં ફેંકી દેવું
(બ) ફાયદો કરાવવો
(ક) નફો કરાવવો
(ડ) નુકસાન પહોંચાડવું

**૧૮. 'ઘડો ફૂટવો '- રૂઢિપ્રયોગનો અર્થ શું થાય છે ?**

(અ) ઘડો ફૂટી જવો
(બ) વાત જાહેર થઈ જવી
(ક) વાત છૂપી રાખવી
(ડ) વાત દબાવવી

**૧૯. 'આંધળામાં કાણો રાજા '—કહેવતનો શું અર્થ થાય છે ?**

(અ) અજ્ઞાનીઓમાં નજીવા જ્ઞાનવાળો પણ પંડિત કહેવાય.
(બ) જ્ઞાનીઓમાં નજીવા જ્ઞાનવાળો પંડિત ગણાય
(ક) અજ્ઞાનીઓમાં નજીવા જ્ઞાનવાળાને પંડિત ન ગણે
(ડ) આમાંથી એકપણ નહીં

**૨૦. 'ઊઠ પહાણા, પગ પર પડ' — કહેવતનો શું અર્થ થાય છે ?**

(અ) જાણી જોઈને સુખ વહોરવું
(બ) જાણી જોઈને દુઃખ વહોરવું
(ક) જાણી જોઈને બીજાને દુઃખી કરવા
(ડ) ત્રણેમાંથી એકપણ નહીં

**પ્રશ્ન- ૨. નીચે આપેલ પરિચ્છેદનો વિચાર વિસ્તાર કરો.** (૧૦)

કવિતામાં સત્ય અને આનંદનું હોવું અનિવાર્ય છે, એનો અર્થ એ નથી કે કવિતામાં સત્ય નથી. કવિતા પણ એની પોતાની રીતે આ જગત અને જીવનને વ્યાપી રહેલા સત્યનું જ આકલન કરે છે. કલા માત્ર કોઈ ઉચ્ચતર ઊર્ધ્વતર સત્યનો આવિસ્કાર કરવાનો પ્રયત્ન કરે છે. પણ એ એની વિશિષ્ટ રીતે કરે છે.તત્ત્વજ્ઞાન કે વિજ્ઞાન જે રીતે સત્યને પ્રગટ કરે છે તે રીત કવિતાની નથી. તત્ત્વજ્ઞાની અને વિજ્ઞાનીની રીત પૃથક્કરણની છે. એ બુદ્ધિથી વસ્તુનું સત્ય ગ્રહણ કરે છે ને બુદ્ધિથી સમજાય તે રીતે તેને પ્રગટ કરે છે. સત્યનો પરિચય કરાવવા માટે તેમને એમનાં સિદ્ધાંતસદને પહોંચવાનું પ્રત્યેક પગથિયું બતાવી ખાતરી કરાવવી પડે છે. કવિતામાં સત્યનું પ્રાકટ્ય આ રીતે થતું નથી. એમાં કવિ ને સત્ય ઓતપ્રોત છે. એમાં કેવળ બુદ્ધિથી ગ્રહણ કરવાનું હોતું નથી. એ જે આનંદ સર્જે છે તે આનંદમાંથી સત્યનું સહજ જ્ઞાન આપણને થઈ જાય છે.

**- જયંત પાઠક**

<u>અથવા</u>

**પ્રશ્ન-૨. નીચેની પંક્તિનો અર્થવિસ્તાર કરો.**

'જે પોષતું તે મારતું , શું એ નથી ક્રમ કુદરતી'

**પ્રશ્ન- ૩.નીચેના ગદ્યખંડમાંથી કોઈ એકનું સંક્ષેપીકરણ કરો.** (૧૦)

જેને વેદ કહેવાય છે, તે લખાણનો સમૂહ અમુક માણસોની વાણી છે એવું નથી. એનો કાળ કે તારીખ કદી નક્કી થયાં નથી, કદી નક્કી થઈ શકે તેમ નથી. અને આપણી માન્યતા પ્રમાણે તો વેદો સનાતન છે. વિશ્વના બીજા બધા ધર્મો જે ગ્રંથોને પ્રમાણ ગણે છે તે અંગે તેમનો એવો દાવો છે કે તે ગ્રંથના શબ્દો એક વ્યક્તિરૂપ ઈશ્વર પાસેથી અથવા વ્યક્તિરૂપ ઘણા દેવાતાઓ પાસેથી, અથવા ઈશ્વરના ખાસ દૂતો પાસેથી અમુક વ્યક્તિઓને આપવામાં આવેલ છે; જ્યારે હિંદુઓનો દાવો એવો છે કે વેદોનું પ્રામાણ્ય બીજા કોઈ પાસેથી મળેલું નથી; વેદો સ્વયંપ્રમાણ છે, કારણ કે એ સનાતન છે, એ ઈશ્વરનું જ્ઞાન છે. એ વેદો કદી પણ લખાયા નથી, એમની કદી રચના કરવામાં આવી નથી, અનંત કાળ દરમિયાન તેમનું અસ્તિત્વ રહેતું જ આવ્યું છે; જે પ્રમાણે સૃષ્ટિ અનંત અને શાશ્વત છે, આદિ અને અંત રહિત છે તે પ્રમાણે ઈશ્વરનું જ્ઞાન પણ અનાદિ અને અનંત છે. અને વેદોનો અર્થ થાય છે જ્ઞાન. જે જ્ઞાનસમૂહને વેદાંત કહેવામાં આવે છે તેની શોધ કરનારા મહાપુરુષોને ઋષિ કહેવાય છે. અને ઋષિ એટલે મંત્રદષ્ટા, એટલે કે વિચારને જોનારા; એ વિચાર એમનો પોતાનો હતો એવું નહીં. જયારે જયારે તમારા સાંભળવામાં આવે કે વેદના અમુક મંત્રો અમુક ઋષિ પાસેથી આવ્યા છે, ત્યારે એમ ન ધારતા કે એ ઋષિએ એ લખ્યા, એ વિચાર એ મંત્રની ભાવના અગાઉથી જ અસ્તિત્વમાં હતી જ, એ ઋષિ તો માત્ર તેના દષ્ટા એટલે કે જોનારા હતા. એ વિચાર તો વિશ્વમાં સનાતન કાળથી અસ્તિત્વમાં હતો જ; આ ઋષિ તેના શોધનાર હતા.

- સ્વામીવિવેકાનંદ

<u>અથવા</u>

સાહિત્ય આપણને બે પ્રકારે આનંદ આપે છે.એક તો સત્યને મનોહર રીતે રજૂ કરીને અને બીજું સત્યને ગોચર કરીને. સત્યને ગોચર કરવું- કરાવવું ઘણું ભારે કામ છે.... હિમાલય શું, એક નાના ખાબોચિયાને પણ કવિ આપણી માનસિક દૃષ્ટિ આગળ ખડું કરે છે, ત્યારે આપણને આનંદ થાય છે. ખાબોચિયાને આપણે ઘણીવાર જોયું હોય, પરંતુ તેને ભાષા દ્વારા જોવાથી કાંઈક નવીનતા આવે છે. જેને મન આંખની ઈંદ્રિયથી જોઈ શકે છે તેને જ જો ભાષાની ઈંદ્રિયથી જોવામાં આવે તો તેમને એક ઓર રસ મળે છે. એ રીતે સાહિત્ય જાણે એક નવી ઈંદ્રિય માફક બનીને સમસ્ત જગતને આપણી પાસે નવા રૂપમાં રજૂ કરે છે. વળી તે ઉપરાંત પણ ભાષાનું એક વિશેષત્વ છે, તે માનવીની પોતાની બનાવટ છે. તે આપણા મનમાં ઢાળે ઘડાયેલી છે, અને આથી બહારનાં જે કોઈ પદાર્થને તે આપણી આગળ રજૂ કરે છે, તેને વિશેષ રીતે માનવભાવે રંગીને રજૂ કરે છે. ભાષા જે ચિત્રો આંકે છે, તે બધાં વાસ્તવિક હોય છે એટલા જ માત્ર કારણથી આપણો આદર પામતાં નથી. પરંતુ ભાષા જાણે તેમનામાં માનવરસનો સંચાર કરે છે. આમ હોવાથી તે ચિત્રો આપણા હૃદયને માટે નિકટનાં બની જાય છે. ચરાચર જગતને ભાષા દ્વારા માનવના ભીતરનું બનાવી લેવાથી તે આપણું અત્યંત નિકટનું થઈ ઊઠે છે.

**- રવીન્દ્રનાથ ટાગોર**

**પ્રશ્ન- ૪. (અ) બેમાંથી એક સમાસની વ્યાખ્યા આપી ઉદાહરણ સાથે સમજાવો.** (૮)

(૧) કર્મધારય સમાસ

(૨) ઉપપદ સમાસ

**(બ) બેમાંથી એક સમાસની વ્યાખ્યા આપી ઉદાહરણ સાથે સમજાવો.** **(૮)**

(૧) દ્વન્દ્વ સમાસ

(૨) તત્પુરુષ સમાસ

**પ્રશ્ન- ૫. નીચેમાંથી કોઈપણ બે લખો :** **(૧૪)**

**૧. નીચેના ગદ્યમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી ફરીથી ગદ્ય લખો.**

જાતમહેનત મનુષ્યમાત્રને સારુ અનિવાર્ય છે એ વાત મને પ્રથમ સોંસરવી ઊતરી ટૉલ્સ્ટૉયના એક નિબંધ ઉપરથી એટલી સ્પષ્ટ આ વાતને જાણ્યા પહેલાં તેનો અમલ કરતો થઈ ગયો હતો રસ્કિનનું અન ટુ ધિસ લાસ્ટ વાંચ્યા પછી તુરત જાતમહેનત અંગ્રેજી શબ્દ બ્રેડ લેબરનો અનુવાદ છે બ્રેડ લેબરનો શબ્દશઃ તરજુમો રોટી મજૂરી રોટીને સારુ પ્રત્યેક મનુષ્યે મજૂરી કરવી જોઈએ શરીર વાંકું વાળવું જોઈએ એ ઈશ્વરી નિયમ છે

**૨. નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**

a. 'ધકેલ પંચે દોઢસો'

b. 'નમતો દિવસ'

c. 'પાશેરામાં પહેલી પૂણી'

d. 'બાફી મારવું'

**૩. નીચેની કહેવતોનો અર્થ આપો.**

a. **'ઉતાવળે આંબા ન પાકે'**

b. **એક પંથ દો કાજ**

c. **કીડી સંચરે ને તેતર ખાય**

d. **છીંડે ચડયો તે ચોર**

**૪. નીચેની કહેવતોનો અર્થ આપો.**

a. **નમે તે સૌને ગમે**

b. **નવરો નખોદ વાળે**

c. **નહિ મામા કરતાં કહેણો મામો સારો**

d. **નાચવું નહિ ત્યારે આગણું વાંકું**

---